# SOUTH GUJARAT UNIVERSITY

University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007.

## દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ, ઉધના - મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭.

Tele. GRAM : SOGUNI — તાર : સોગુનિ

Phone : 3227141 to 3227146 — ટેલિફોન : ૩૨૨૭૧૪૧ થી ૩૨૨૭૧૪૬

FAX : (0261) 3227312


ક્રમાંક: એસ/એ(૫)(૦૩)/૩૫૯૫

તા: ૧-૫-૨૦૦૩

<u>રજીસ્ટર પોસ્ટ એ.ડી.</u>

પ્રતિ,
સચિવશ્રી,
શિક્ષણ વિભાગ,
સચિવાલય,
<u>ગાંધીનગર.</u>

<u>વિષય</u>:- જોડાણ કાર્યવાહી જાહેરનામું બહાર પાડવા અંગે...
<u>કોલેજ</u>:- શ્રી રંગ નવચેતન મહિલા વિનયન મહાવિદ્યાલય, વાલિયા.
<u>સંદર્ભ</u>:- અત્રેના પત્રાંક: એસ.એ(૫)(૦૩)/૩૫૩૨, તા: ૨૯-૪-૨૦૦૩.

મહાશય,

ઉપરોક્ત સંદર્ભ અને વિષય પરત્વે સવિનય જણાવવાનું કે, વાલિયાની શ્રી રંગ નવચેતન મહિલા વિનયન મહાવિદ્યાલયને શૈક્ષણિક વર્ષ ૨૦૦૨-૨૦૦૩ થી ચાલુ જોડાણ કાયમી ધોરણે આપવા માટેની કાર્યાલયમાં આવેલ જોડાણઅરજી અંગેના કાગળો, તે પરત્વે થયેલ કાર્યવાહીની વિગતો સાથે અત્રેથી ઉપર્યુક્ત સંદર્ભ પરના પત્રથી મોકલી આપેલ છે, સદર પત્રના અનુસંધાને સદરહુ કોલેજે, સિન્ડિકેટે મૂકેલ શરતોનું યથાર્થ પરિપાલન કરેલ હોઈ, સદરહુ કોલેજને નીચેના વિષયો શીખવવા માટે શૈક્ષણિક ૨૦૦૨-૨૦૦૩થી ચાલુ જોડાણ કાયમી ધોરણે આપતું જાહેરનામું બહાર પાડવાની ભલામણ કરવા સિન્ડિકેટે ઠરાવ્યું છે, જે વિદિત થવા વિનંતી.

<u>વિષય</u>:-

<u>વિનયન વિદ્યાશાખા:-</u>

| | | |
|---|---|---|
| પ્રથમ વર્ષ બી.એ. :- | <u>ફરજીયાત:-</u> | અંગ્રજી, ગુજરાતી, હિન્દી સંસ્કૃત અને એસ.ટી.ડી. |
| | <u>મુખ્ય:-</u> | ગુજરાતી, હિન્દી, ગૃહવિજ્ઞાન, સંસ્કૃત, અર્થશાસ્ત્ર. |
| | <u>ગૌણ:-</u> | ગુજરાતી, હિન્દી, ગૃહવિજ્ઞાન, સંસ્કૃત, અર્થશાસ્ત્ર, |
| દ્વિતીયવર્ષ બી.એ. :- | <u>ફરજીયાત:-</u> | અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, વસ્તીશિક્ષણ. |
| | <u>મુખ્ય:-</u> | ગુજરાતી, હિન્દી, ગૃહવિજ્ઞાન, સંસ્કૃત, અર્થશાસ્ત્ર. |
| | <u>ગૌણ:-</u> | ગુજરાતી, હિન્દી, ગૃહવિજ્ઞાન, સંસ્કૃત, અર્થશાસ્ત્ર. |
| તૃતિયવર્ષ બી.એ. :- | <u>ફરજીયાત:-</u> | અંગ્રેજી, ગુજરાતી, હિન્દી. |
| | <u>મુખ્ય:-</u> | ગુજરાતી, હિન્દી, ગૃહવિજ્ઞાન, સંસ્કૃત, અર્થશાસ્ત્ર. |

લિ. ભવદીય,
રાઠોડ
કુલસચિવ

**નકલ સવિનય રવાના: પ્રતિ, આચાર્યશ્રી,**
શ્રી રંગ નવચેતન મહિલા વિનયન મહાવિદ્યાલય,
વાલિયા, (જિ-સુરત)............જાણ સારૂ..........

2

__એકેડેમિક કાઉન્સિલ ની તા.૧૦-૦૪-૦૩ ની સભાની ભલામણ__

:: આથી ઠરાવવામાં આવે છે કે, વાલિયાની શ્રી રંગ નવચેતન મહિલા મહાવિદ્યાલયનું જૂન,૨૦૦૨ થી કાયમી ધોરણે જોડાણ મેળવવા શ્રી નવચેતન એજ્યુકેશન સોસાયટીના મંત્રીશ્રીએ તેમના તા.૩૦-૧૦-૦૧ ના પત્ર સાથે યુનિવર્સિટીને મોકલેલ જોડાણ અર ના સંદર્ભમાં સિન્ડિકેટે, નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલમાં જણાવ્યા

પ્રમાણે નીચેની શરતોનું યથાર્થ પાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ જૂન – ૨૦૦૨ થી કાયમી ધોરણે જોડાણ આપવા આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે.

__શરતો :__

૧. યુનિવર્સિટીનાં નિયમ પ્રમાણે નિયમાનુસાર જે તે વિષયનાં ખૂટતાં અધ્યાપકો તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓની નિયમિત નિમણૂક કરવામાં આવે.

૨. દરેક મુખ્ય વિષય માટે રૂ. ૧૦,૦૦૦/- નાં અને ગૌણ વિષય માટે રૂ. ૫,૦૦૦/- નાં તેમજ અન્ય વિષય માટે રૂ. ૧૦,૦૦૦/- નાં પુસ્તકો દર વર્ષે ખરીદવામાં આવે.

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણોનું યથાર્થ પાલન કરવામાં આવે તેમજ સંચાલનામાં જતી ખોટ ભરપાઈ કરવા માટે સંચાલકો બાંહેધરી આપે.

૪. ઓર્ડિનન્સ ૬૯ (એ) અને (બી) નું ચુસ્તપણે પાલન કરવું.

__સિન્ડિકેટ, તા. ૧૭/૧૯/૨૧/૨૩-૪-૨૦૦૩ સભાની ભલામણ__ 3.

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત બાબત મંજૂર કરવામાં આવે છે.